# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૩/૦૬/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૧૪૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૪૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ટ્રેઈનની ટકકર વાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૮૫૨/૨૦૨૫**

**સરખેજઃ** મનહરભાઇ ગોવિંદભાઇ પરમાર (ઉ.વ.૪૦)(રહે, ગામ–સનાથલ તા–સાણંદ) તા.૨૧/૦૬/૨૦૨૫ રાતના ૮/૫૦ વાગ્યાના સરખેજ સનાથલબ્રિજ નીચે રેલ્વે ફાટક પોલ નં–૨૬/૭ થી ઇલેક્ટ્રિક પોલ નં–IMP 320 વચ્ચે ટ્રેઇનની ટકકર વાગતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિંહ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** રજનીકાંત દિનેશભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે, વિશ્વાસ એપાર્ટમેંટ, ગુલાબટાવરની બાજુમા, થલતેજ) તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક ૧/૩૫ વાગ્યાના સુમારે જનતાનગર રેલ્વે ફાટકની બાજુમાં થાંભલા નંબર ૫૦૭/૩૭ થી ૫૦૭/૩૯ વચ્ચે ટ્રેઇનની ટકકર વાગતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઘનશ્યામસિંહ રણજીતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી